# <u>આગામકાલીન સાહિત્ય</u> (ભાગ – ૨)

- ડૉ. જીતેન્દ્ર શાહ

- **<u>આગમનોના વિચ્છેદની કથા -</u>**

ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૧૭૦ વર્ષે રાજગ્રીહી નગરીની અંદર ભયંકર દુષ્કાળ પડ્યો હતો અને તે ખૂબ લાંબો (આશરે સાડા બાર વર્ષ)ચાલ્યો હતો. જેવી રીતે આપણે અત્યારે મહામારીથી પસાર થઇ રહ્યાં છીએ અને આ મહામારી પસાર થશે કે નહીં, તેનું કંઈપણ કહેવું અઘરૂં છે. તેવી જ રીતે શાસ્ત્રકારો એક અનુમાન મુકે છે કે, એક વર્ષ ભયંકર દુકાળ પડ્યો હશે, બીજા વર્ષે તેની અસર રહી હશે, ફરી પાછો દુકાળ પડ્યો હશે. અને આવી રીતે નિરંતર ૧૨ વર્ષ આ પ્રક્રિયા ચાલી હશે. સામાન્ય મનુષ્યોને આહાર આદિની જરૂર પડે તેવા સમયમાં સાધુ-સંતોની ગોચરીની ઘણી બધી તકલીફ પડી શકે. એના કારણે કેટલાક સાધુઓ સ્થળાંતર કરીને ચાલી નીકળ્યા. તેની પાછળનું મુખ્ય કારણ – સાધુએ એક વખત ભોજન કરવું જોઈએ અને ઉકાળેલા પાણીને ઠર્યા વગર પીવાનું વિધાન કરેલું છે. આ આચાર અત્યંત કઠોર હતો. જેનું પાલન કરવું પણ એટલુંજ મુશ્કેલ હતું. તેથી કેટલાક સાધુઓએ એ માન્યું કે ધર્મ ટકાવવાની સૌથી મહત્વની બાબત આચારને ટકાવવાની છે. જો આચાર ટકશે તો ધર્મ ટકી જશે. જયારે એક જૂથ એવું માનતું હતું કે, આચાર કરતા જ્ઞાનની રક્ષા કરવી વધુ મહત્વની છે. જો જ્ઞાનની રક્ષા થઇ હશે તો, શાસન નિર્વિઘ્ને ૨૧ વર્ષ સુધી ચાલશે. આના કારણે વિભાજન-સંઘભેદ થયો જેના કારણે સાધુઓ બિહારમાંથી વિહાર કરીને બંગાળ અને બંગાળના દરિયા કિનારેથી આગળ વધતાં-વધતાં ઓરિસ્સા અને તેનાથી નીચે, દક્ષિણ ભારતમાં પહોંચ્યા. જયારે જે સાધુઓ બિહાર અથવા મગધની અંદર રહ્યા હતા તેમને આચારની અંદર કેટલીક છૂટછાટ લીધી. કઠોર નિયમોમાં અમુક પરિવર્તન કરી, યથા શક્તિ, યથામતિ જ્ઞાનની રક્ષા કરવાનું કાર્ય કર્યું. આ બાર વર્ષના દુકાળ પછી જયારે બધા સાધુઓ એકઠાં થયા ત્યારે ખબર પડી કે, બારમી દ્રષ્ટિવાદ નામનું અંગ આગમ કોઈને પણ યાદ નહતું. સંઘને એકત્ર કરી, તેના મોભિઓને અલગ અલગ સ્થળે મોકલી કહ્યું કે, બારમું દ્રષ્ટિવાદ આગમ જેને મોઢે હોય તેવા સાધુને મોકલો. ત્યારે ખબર પડી કે, નેપાળની ગુફાઓમાં ભદ્રબાહુ સ્વામી મહાપ્રાણની સાધના કરી રહ્યા હતા. તેમને આ આગમ મોઢે હતું. તેમને મહાપ્રાણ યોગની સાધના કરી હતી. મહાપ્રાણ યોગ માટે એવું કહેવાય છે કે, ચૌદ પૂર્વનો સ્વાધ્યાય માત્ર બે ઘડીની અંદર યોગ સાધનાથી થઇ શકે, જેનું પ્રમાણ એટલે કે બારમાં દ્રષ્ટિવાદનું પ્રમાણ એટલું મોટું છે કે જેને આજે આપણે કલ્પનામાં પણ સમાવી ન શકીએ. ૩ થી ૪ હજાર હાથી પ્રમાણ શાહીથી જેટલું લખાય, તેટલું જ્ઞાન આ આગમમાં છે. અને એને યાદ રાખવા માટે કેટલી જેહમત ઉઠાવી હતી તેની આપણે કલ્પના કરી શકીએ. પાટલીપુત્રની અંદર જે આચના ગોઠવવામાં આવી હતી તેના આચાર્ય – સ્થુલિભદ્ર હતા. સંઘે તેમને આવીને ભદ્રબાહુ સ્વામી વિષે વાત કરી. સંઘને ફરી મોકલી કહેવામાં આવે છે કે, કેટલાંક સાધુઓને આ દ્રષ્ટિવાદ અંગ ભણાવો. ત્યારે આચાર્યશ્રીએ ના પાડી કહ્યું કે, હું મારી સાધનામાં લીન

છું. અને જ્યાં સુધી એ પૂરી નહીં થાય ત્યાં સુધી હું કોઈને ભણાવવા માટે સમય ફાળવી શકું તેમ નથી. ત્યારે સંઘે એક પ્રશ્ન પૂછ્યો હતો કે, 'જીન શાસનની અંદર સંઘની સ્થિતિ શું કહેવાય?' ત્યારે ભદ્રબાહુ સ્વામીએ કહ્યું કે, 'સંઘ એ પચ્ચીસમું તીર્થંકર છે.' સંઘ જે નિર્ણય કરે તે બધાને માન્ય રાખવો પડે. સંઘે ત્યારે ફરી પ્રશ્ન પૂછ્યો, 'કોઈ તીર્થંકરની આજ્ઞાનો ઉલંઘન કરે તો તેને શું પ્રાયશ્ચિત આવે?' ભદ્રબાહુ સ્વામી આ વાત સાંભળીને પોતાના મતને બદલે છે. 'તમે જાવ અને સાધુઓને મોકલો હું તેને અભ્યાસ કરાવીશ' સંઘના મહાત્મ્ય વિષે આ દ્રષ્ટાંત દ્વારા આપણને ખબર પડે છે.

સ્થુલિભદ્ર બીજા પાંચસો સાધુઓ સાથે નેપાળમાં ભદ્રબાહુ સ્વામી પાસે અધ્યયન માટે પહોંચ્યા છે, રોજ સાત વખત પાઠ આપવામાં આવતો હતો. એ પાઠને સ્થુલિભદ્ર રોજ મોઢે કરી લેતા હતા. શ્રુતિ અને ધારણા શકિતની અંદર સ્થુલિભદ્ર અને તેના પરિવારના નવ જણ અદ્દભુત શક્તિ ધરાવતા હતા. તેમની મોટી બહેન એક વખત સાંભળે અને તેને અક્ષરશ: બધું યાદ રહી જતું હતું. બીજી બહેન બે વખત સાંભળે અને બધુજ યાદ રહી જતું હતું. નવ નંદો તો નશામાં ચૂર રહેતા હતા. નગરની અંદર કોઈપણ નવી કૃતિ આવે કે નવી રચના સંભળાવે એટલે આ નવ નંદો પાંચ સુવર્ણ મુદ્રાઓ ભેટમાં આપતા હતા. મુદ્રાઓ ખાલી થતાં શકટાલે અદ્દભુત શક્તિ ધરાવનાર પોતાની દીકરીઓને જ રાજસભામાં બોલાવીને કૃતિઓ સંભાળવા કહ્યું. જયારે દસ અપૂર્વોનો અભ્યાસ પૂર્ણ થયો ત્યારે સ્થુલિભદ્રએ ભદ્રબાહુ સ્વામીને પ્રશ્ન કર્યો કે હજુ કેટલું ભણવાનું બાકી છે? તેમને ખૂબ અદ્દભુત જવાબ આપતા કહ્યું હતું કે, 'હજુ તો તમે સાગરના એક બુંદ જેટલું ભણ્યા છો.' તે વખતે સ્થુલિભદ્ર સિંહનું સ્વરૂપ ધારણ કરે છે. બીજી વખત પાઠલેવાના સમયે ભદ્રબહુ સ્વામી આગળ અભ્યાસ કરાવવાની ના પાડે છે. કારણકે આગમોની અંદર જે વિદ્યાઓ છે તેનો પ્રયોગ માત્ર અને માત્ર સંઘ, શાસન અને દેશના હિત માટે કરવાનો હોય છે. પોતાની મહત્તા કે બડાઈ હાંકવા માટે કરવાનો નથી હોતો. આ વિદ્યાના પ્રયોગ દ્વારા સ્થુલિભદ્રએ પોતાની મહત્તા સ્થાપિત કરી હતી જેથી તેને તેમની યોગ્યતા ગુમાવી દીધી હતી. સ્થુલિભદ્ર ફરી સંઘને એકઠો કરી તેઓ દ્વારા આગ્રહ કરાવડાવે છે. ત્યારે ભદ્રબાહુ સ્વામી આગળના ચાર પૂર્વો ભણાવશે પણ તેના રહસ્યો સમજાવશે નહિ. મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણ પછી ૧૬૦ વર્ષે આ આગમના વિચ્છેદનો પહેલો પ્રસંગ બન્યો. અને ધીરે ધીરે આ વિચ્છેદ થવાનું કાર્ય સત્તત ચાલતું રહ્યું.

બીજી કથામાં એક વખત એક શ્રાવિકા સાધુને વંદન કરવા આવે છે, અને પૂછે છે કે, 'સાધુ ક્યાં છે?' ત્યારે સાધુ ખૂણામાં અભ્યાસ કરતા હતા. એમને જોઇને શ્રાવિકા વિચાર કરે છે કે, આ સાધુને હું દરરોજ શેર ઘી વોરવું છું, છતાં આટલા દુર્બળ કેમ? પરંતુ એમની સાધના એટલી તીવ્ર હતી કે તેઓ શેર ઘી રોજ એમજ પચાવી લેતા હતા. એમના સમય સુધી નવ પૂર્વોનુ જ્ઞાન રહ્યું. એટલે ભદ્રબાહુ સ્વામી પછી દુર્બલિકા-ભુષમિત્ર સુધી એક વધારે પૂર્વનો વિચ્છેદ થયો અને દેવાર્ધી ગણિક ક્ષમાસમણ સુધી માત્ર એક પૂર્વનું જ્ઞાન રહ્યું. ત્યાં સુધીમાં દ્વાદાશંગીના ચૌદ પૂર્વો માંથી તેર પૂર્વો નષ્ટ થઇ ચુક્યા હતા. આ આપણા આગમનોના વિચ્છેદની કથા છે. અને આવું થવા પાછળના ઘણા કારણો જવાબદાર છે. દેવાર્ધી ગણિક ક્ષમાસમણે જોયું કે, ધીરે-ધીરે

શ્રુત વિચ્છેદ પામી રહ્યું છે. અને તેની રક્ષા કરવી અનિવાર્ય છે. સ્થુલિભદ્ર ભણીને પાછા પાટલીપુત્રમાં આવ્યા ત્યારે, બારમું દ્રષ્ટિવાદ અંગ એમને યાદ હતું પણ ત્યાર પછી ધીરે-ધીરે શ્રુતના વિચ્છેદ અને સંઘ ભેદના કારણે વાચના કરવાની આવશ્યકતા પડી. ખારવેલ રાજાના વખતની અંદર, કલિંગના રાજાએ જયારે અત્યાચાર ફેલાવ્યો, અશોકે રણ મેદાનની અંદર લાખો માણસોની હત્યા કરી અને કરાવી હતી જેથી લોકો ડરી ગયા હતા. લોકોના ડરનો નાશ કરવા માટે એણે આખા ભારતની અંદર શિલાલેખો કોતરાવ્યા હતા. અને પોતે અત્યંત ધાર્મિક બની ગયો છે એવી લોકોમાં છાપ ઉપજાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ વાતની જાણ ખારવેલની ગુફાના લેખ દ્વારા થાય છે. ભગવાન મહાવીરના નિર્વાણ પછી લગભગ ચારસો વર્ષે (ઈ.સ. પૂર્વે બીજી સદી) ખારવેલ થાય છે, ઓરિસ્સાની ગુફામાં આ મોટો લેખ તેણે લખ્યો છે. આને ગૌરવ લેવા જેવી બાબત એ છે કે, ખારવેલ જ સૌથી પહેલા ભારતવર્ષ શબ્દનો પ્રયોગ કર્યો હતો. તે સમયે તેમણે સાધુ-ભગવંતોને ભેગા કરી વાચનાઓનો ઉદ્દગાર કરાવ્યો. આમ, ઈતિહાસ ફક્ત કલિંગના રાજા અશોકને જાણતો હતો. પણ ખારવેલના આ કામ પછી તેના ધર્મપુત્ર અને શૌર્ય પુત્ર હોવાનું પણ સાબિત થાય છે.

સ્ખંદિલાચાર્યએ મથુરામાં જે વાચના યોજી હતી, તેની પાછળ પણ દુષ્કાળ હતો. તે સમયે એટલે કે, ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૮૨૭ વર્ષે ફરી પાછો ભયંકર દુષ્કાળ પડ્યો હતો જે બાર વર્ષ સુધી ચાલ્યો હતો. એ સમયે પણ આગમો લુપ્ત થવાની પરિસ્થિતિ ઉભી થઇ હતી. એટલે સ્ખંદિલાચાર્યે વાચનામાં આગમોને સુરક્ષિત કરવાનું કાર્ય શરું કર્યું હતું. આ વાચનાને 'માથુરી વાચના' અથવા 'સ્ખંદિલાચાર્યની વાચના' તરીકે ઓળખવામાં આવે છે.

એ જ સમયે ચોથી વાચના વલભીમાં યોજાઈ. તેના આચાર્ય નાગાર્જુન હતા. તેમણે પણ આગમોને સુરક્ષિત રાખવાનું કાર્ય કર્યું. તે કાર્ય ગુજરાત, મહારાષ્ટ્ર અને દક્ષિણ ભારતની અંદર વિચરણ કરતા સાધુઓને બોલાવીને આ કાર્ય કરવામાં આવ્યું હતું. મહાવીર નિર્વાણ પછી બરાબર ૯૮૦ વર્ષ વિત્યા, એટલે લગભગ નાગાર્જુન અને સ્ખંદિલાચાર્યની વાચનાના દોઢસો વર્ષ પછી પરિસ્થિતિ ખૂબજ વિકટ બની ગઈ. સ્મૃતિની દુર્બળતા વધવા લાગી. પુનરાવર્તન કરવાની ન્યૂનતા આવી ગઈ. ભણેલું વારંવાર યાદ કરવામાં ન આવે તો તેને ભૂલી જતા વાર ન લાગતી. માટે જ સાધુઓ માટે નિયમ છે કે ગાથાઓને તાજી રાખવા દરરોજ સ્વાધ્યાય જરૂરી છે. જેથી યોગ્ય સમયે, યોગ્ય અવસરે તેનો ઉપયોગ થઇ શકે અને ચિત્તને શાંત રાખીને આત્મસાધનામાં લીન બની શકાય. આગમોના ઉપદેશને જીવનમાં આચરી શકાય. પણ પુનરાવર્તનની ન્યૂનતાને કારણે વાચનાઓ દ્વારા કામ નહીં ચાલી શકે, તેને પુસ્તકરૂઢ કરવાની આવશ્યકતા સર્જાઈ. આગમોને ગ્રંથસ્થ કરવા માટે ૫૦૦ આચાર્યો એકત્ર થયા. વલભીમાં જ પાંચમી વાચનાનું આયોજન થયું. તેના આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ હતા.

**<u>આગમો ન લખવા પાછળના ઘણા બધા કારણો આપણને પ્રાચીન ગ્રંથોમાં જોવા મળે છે.</u>**

- લખવા માટે તાલપત્ર, શાહી અને કલમને પ્રાપ્ત કરવાની પરિસ્થિતિ ખૂબજ કપરી હતી. સોપારીના ઝાડના થડ સાથે એ પત્રોને ઘસવામાં આવે, જેથી તે પત્રો એકદમ લીસા બની જાય, જેથી તેમાં લખવાનું સરળ બને. અને ઘણા વર્ષો સુધી તેને રસોડાના માળિયા પર મૂકી રાખવામાં આવતા. જેથી વઘારના તેલકણો ઉડીને તાલપત્રોમાં જાય જેના લીધે તેમાં રહેલા નાના નાના છિદ્રો બુરાઈ જાય.જેથી એ પત્રો લાંબા સમય સુધી સચવાઈ રહે. પરંતુ આ પ્રક્રિયાની અંદર ઘણા બધા જીવોની હિંસાનું પાપ લાગે. એક સ્થળેથી બીજે સ્થળે લઇ જતા ખંભો છોલાઈ જાય, જેથી તેની માવજત કરવામાં પણ શ્રાવકોની પાસે મદદ માંગવી પડે, સંયમની વિરાધના થાય.

- છિદ્રોની પ્રતિલેખના નથી થતી. તેથી તેની નકલોમાં ભૂલો આવી જવાની સંભાવના વધે છે.
- વિહારના માર્ગમાં વજન વધી જાય, પોટલીમાં ધન હશે એવું માની, ચોર ચોરી કરી બેસવાની સંભાવના બની રહે છે.
- આગમોમાં ક્યાંય પુસ્તક રૂપે ઉપલબ્ધ રાખવાનો ઉલ્લેખ નથી કર્યો. પુસ્તક પાસે હોય તો સ્વાધ્યાયમાં પ્રમાદ ઉત્પન્ન થવાની શક્યતાઓ વધી જાય છે. પુસ્તક સાથે ન હોવાથી નિરંતર સ્વાધ્યાયથી જ્ઞાનને ટકાવી રાખવાની સંભાવનાઓ વધી જાય છે.
- જેમ-જેમ અધ્યતન સામગ્રીનો થતો જાય છે, તેમ-તેમ સંગ્રહખોરી વધી પણ અધ્યયનશીલતા નષ્ટ થતી જાય છે.

આવા કારણોને લીધે આગમ ગ્રંથોને લખવાનો વિચારસુધ્ધા પણ કર્યો ન હતો. પણ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે સમય અને સંજોગોને જોઇને બધાંજ આચાર્યો સામે પ્રસ્તાવ મુક્યો. અને આખી વાચનના તમામ આચાર્યો સહમત થયા. અને આગમોને ગ્રંથસ્થ કરવાનો નિર્ણય કર્યો. ગ્રંથસ્થ થવાનો પહેલો પ્રસંગ નહાવીર ભગવાનના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે થયો. એ વાચનાની જે મહત્વની બાબતો છે, તે જાણવા અને યાદ રાખવા જેવી છે. આ વાચનની અંદર દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પાસે પૂર્વની વાચનાઓના કેટલાંક સાધુઓને જે અંશો યાદ હતા તે હતું. એટલેકે તેમને તે વારસામાં મળ્યા હતા. તેમણે આ બંને વાચનાઓનું સંયોજન કરવાનું કામ કરી તેનો સમન્વય કરવાનો પ્રયાસ કર્યો.

બીજી વાત એમણે એ કરી કે, આગમોની અંદર જ્યાં સમાન પાઠો આવતા હતાં, ત્યાં આગમનું પ્રમાણ મોટું ન થાય તે માટે તેમણે ત્યાં એક નવી યોજના કરી કે, સમાન પાઠોનો તેમણે ઉલ્લેખ કરી દીધો. આવી રીતે તેમણે આગમને સુવ્યવસ્થિત રૂપમાં લાવવાની કોશિશ કરી.

એ ઉપરાંત તેમને 'જાવ' એટલે કે 'યાવત' પ્રાકૃત માંથી સંસ્કૃતમાં વર્ણન કેટલે સુધી લેવું, તેનું સુચન કર્યું. આને 'વર્ણકો' પણ કહે છે. સમાન પાઠોના કારણે આપણી સ્મૃતિ વધારે યાદ રાખી શકે છે. જેના કારણે ગોખવું, મોઢે કરવું અને યાદ રાખવું ખૂબજ સરળ બની જાય છે. આમ, આગમની અંદર નવાં સંકલનોની શરૂઆત થઇ. પણ પાઠો કોઈએ બદલ્યા પણ નથી અને બદલવાનો પ્રયત્ન પણ નથી કર્યો.

એ ઉપરાંત તેમણે એક કામ એ કર્યું, ભગવાન મહાવીરના નિર્વાણ પછી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીની જૈન ધર્મની અંદર જે મહત્વની ઘટનાઓ ઘટી, તે તમામ ઘટનાઓનો પણ તેની અંદર ઉલ્લેખ કર્યો. એટલે ઐતિહાસિક દ્રષ્ટીએ પણ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની વાચના ખૂબ જ મહત્વની છે.

એ સમયે 'પંચકલ્પ' ભાષાની અંદર તેમણે એક પ્રસંગ મુક્યો. કે પ્રત્યેક સાધુએ પોતાનાં જીવન દરમ્યાન એક નવા ગ્રંથની રચના કરવી જોઈએ. પણ બધાની એવી શક્તિ ન હોય કે નવા ગ્રંથોની રચના કરી શકે. તો એમણે પોતે પોતાના હાથે એક નવી નકલ લખી નાખવી જોઈએ. કદાચ કોઈ સારા અક્ષરે લખી ન શકે એવું પણ બને, તો એણે જીવન દરમ્યાન શ્રાવકોને પ્રેરણા આપીને એક નવો ગ્રંથ અવશ્ય તૈયાર કરાવવો જોઈએ. આવો એમણે નિયમ બનાવ્યો. એના કારણે લેખનની પ્રવૃત્તિ સતત બઢતી ગઈ. એ કારણે જૈન ધર્મની અંદર જ્ઞાનના મહાત્મ્ય સાથે નુતન ગ્રંથોની રચના પણ વધુ તીવ્ર રૂપે થવા લાગી. આજે જયારે આપણે સમગ્ર ભારતના ગ્રંથ ભંડારોનું અવલોકન કરીએ છીએ, ત્યારે ખ્યાલ આવે છે કે, કુલ ૮૦ લાખ જેટલી હસ્તપ્રતો આપની પાસે ઉપલબ્ધ છે. જેમાંથી ૨૫ લાખ જેટલી હસ્તપ્રતો જૈન ધર્મની છે. બધી જ ગણતરી કારતા ખ્યાલ આવે છે કે લગભગ ૩૦ થી ૩૨ ટકા ગ્રંથો જૈન ધર્મના છે. આ એક મોટી સમૃદ્ધિ અને ગૌરવ લેવા જેવી વાત છે. આનો પ્રભાવ આપણને આચાર્ય હરિભદ્રસૂરીની રચનામાં જોવા મળે છે. તેમણે શ્રાવકના કર્તવ્ય વિશે વાત કરી. એના લીધે વસ્તુપાળ-તેજપાલ જેવા મંત્રીઓ, કુમારપાળ રાજા પણ રોજ સવારે ઉઠીને પોતાના હાથે ગ્રંથો લખતા હતા. આ પરંપરા જીવંત રહી એના કારણે ગ્રંથોનું નિર્માણ અને નકલો વધતી ગઈ. આ પરંપરા જૈન ધર્મમાં જેટલી વિશેષ રૂપે સચવાઈ એટલી બીજા કોઈ ધર્મમાં જોવા મળતી નથી.

વેદની અંદર વેદ અને વેદાંગ એવો શબ્દ પ્રયોગ થાય છે. વેદાંગ એટલે વેદને સમજવા માટે જે ગ્રંથોની રચના કરવામાં આવી તેને વેદાંગ કહે છે. એટલે મૂળ ગ્રંથી નહિ પણ ગૌણ ગ્રંથો. ત્યાં 'અંગ' શબ્દનો અર્થ 'ગૌણ' એવો થાય છે. જયારે જૈન ધર્મમાં 'અંગ' શબ્દનો અર્થ 'મૌલિક', 'મૂળ' આગમ ગ્રંથો છે. આ ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

૮૫ સુધી આગમો આજે પહોંચ્યા તેનું કારણ એક જ છે. આગમ ગ્રંથોની અંદર એક વાત લખેલી છે અને તે ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે, **'સુત્તમ્ ગણહર કથીદમ્'** આ દિગંબર આચાર્યે રચેલા ગ્રંથમાં લખાયેલું છે. સૂત્ર – આગમ ગંધર્વ ભગવંતોએ કહેલું હોય, પ્રત્યેક બુદ્ધે કહેલું હોય, શ્રુત કેવલીયે કહેલું હોય, આ બધાને આગમ કહેવાય. અને જે દસે દસ પુર્વોનું જ્ઞાન ધરાવનારે કોઈ રચનાકારી હોય તો એ રચનાને પણ આગમની

કોટિમાં મુકવામાં આવતી. એટલા માટે બાર અંગ અને બાર સંખ્યામાં કોઈ ભેદ નથી પણ ત્યાર પછીની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. બધાજ ગ્રંથોની સામાન્ય બાબત એ છે કે, બધામાં નિર્દોષતાની વાત કરવામાં આવી છે. દોષો, ક્રોધ, મોહ, માયા, લોભ, રાગ-દ્વેષને કેવી રીતે ઓછા અથવા તો કેવી રીતે દૂર કરવા. હાસ્ય, રતિ, શોક, અને જુગુપ્સા પર કેવી રીતે કાબુ મેળવવો, અને વૈરાગ્ય ભાવોમાં વૃદ્ધિ કઈ રીતે કરવી. આ બધા જ ભગવંતોએ કહેલા ગ્રંથો પણ આગમ તરીકે ગણવા લાગ્યા. જેના કારણે ગ્રંથોની સંખ્યા વધતી ગઈ.

આ ઉપરાંત કેટલીક મહત્વની જાણવા જેવી બાબતો એ છે કે, સમય જતા શબ્દ પોતાનું મૂલ્ય, પોતાનો અર્થ ગુમાવી બેસે છે. કેટલીક વખત શબ્દો ભુલાઈ પણ જાય છે, શબ્દોના અર્થો લુપ્ત થઇ જાય છે. અને એના કારણે સૂત્રમાં અર્થોને સમજવા અઘરા પડે તેવી સ્થિતિ નિર્મિત થાય છે. ખાલી શબ્દોને સાચવવાનું જૈન ધર્મનું કર્તવ્ય ન હતું. જૈન ધર્મનું કર્તવ્ય તો આગમોને સાચવવાની સાથે સાથે તીર્થંકર ભગવંતની વાણીના જે ઉપદેશ છે, તેને પણ સાચવવાનું હતું. શબ્દોની સાથે સાથે અર્થની રક્ષા કરવાનું કર્તવ્ય પણ એટલું જ હતું. એના કારણે ભગવાન મહાવીરના નિર્વાણ પછી બસો વર્ષે ભદ્રબાહુ સ્વામીએ જોયું, ઘણાં બધાં શબ્દોના અર્થો લુપ્ત થઇ ગયા છે, બદલાઈ ગયા છે. આજે આપણે બનારસ કે વૈકુઠ જેવા સ્થળે જઈએ ત્યાં પંડાઓ ફરતા હોય છે. હકીકતમાં પંડાઓ ખૂબ જ જ્ઞાની હોય છે. પણ આજે એ પંડા શબ્દએ પોતાના બધાંજ અર્થ ગુમાવી દીધા છે. આજે પંડા કહેવું એ અપશબ્દ સમાન બની ગયું છે. તો આવી રીતે શબ્દો પોતાના અર્થોને ગુમાવે, અથવા તો પોતાના અર્થોને વધારે. એટલે જ  સૌ પ્રથમ ભદ્રબાહુ સ્વામીએ દસ આગમો ઉપર 'નિર્યુક્તિ'ની રચના કરી. તેનો અર્થ છે – 'શબ્દોનો સંપૂર્ણ અર્થ કરવો' તેમણે 'નિર્યુક્તિ'ઓ કાવ્યશૈલીમાં લખી. જે કઠિન શબ્દો હતા તેના અર્થ આપ્યા. શબ્દોના પર્યાયો પણ આપ્યા અને સાથે કયો અર્થ અભિપ્રેત છે તેનો નિર્દેશ પણ કર્યો. ત્યારબાદ પણ આ પ્રક્રિયાઓ ચાલુ જ રહી પરંતુ શબ્દોના અર્થમાં પરિવર્તન થવા લાગ્યું. જેના લીધે તેનો આભ્યાસ અને અર્થો કરવા પણ મુશ્કેલ બન્યા. પરિણામે આગમોનું અધ્યયન ઘટવા લાગ્યું. એવા સમયે જિનભદ્ર ક્ષમાશ્રમણ આચાર્યએ 'ચૂરણી'ની રચના કરી. આ શબ્દ પણ અદ્દભૂત છે. આ કઠિન શબ્દો પથરા જેવા છે એ વાંચીએ ત્યારે એનો અર્થ ન સમજાય એટલે આગળ ભણવાનું આપણે છોડી દઈએ. પથ્થર જેવા શબ્દોને જો તોડીને તેનું ચૂર્ણ કરી દેવામાં આવે, તો ચૂર્ણ તો આરામથી ફાંકી શકાય. એવી રીતે શબ્દોના અર્થોને જો સરળ રીતે દર્શાવવામાં આવે તો આપણને આગમનો અભ્યાસ કરવામાં સરળતા રહે. એટલે ચુરણી સાહિત્યની રચના થઇ. ત્યારપછી 'ભાષ્ય'ની રચના થઇ. એટલે કે ભાષામાં જે પ્રચલિત હતા તેવા ગ્રંથો રચવા.

આમ, 'નિર્યુક્તિ','ચૂરણી' અને 'ભાષ્ય' એ પ્રાકૃત ભાષામાં લખાયા. પણ ત્યાર પછી હરિભદ્રસુરીના સમય સુધીમાં આગમ ગ્રંથોના અર્થો સમજવા વધુ કઠિન થવા લાગ્યા. એટલે આચાર્ય હરિભદ્રસુરી એ પહેલા આચાર્ય છે જેણે આગમોની સંસ્કૃત ભાષામાં ટીકાઓ લખી. એમણે આવશ્યક સુત્રો ઉપર એટલું વિસ્તૃત વિવેચન કર્યું છે, જેને જૈન ધર્મનો ઈતિહાસ, તેના સિદ્ધાંતો, અને જૈન ધર્મના રહસ્યોને જાણવા હોય, એણે આચાર્ય હરિભદ્રસુરીની આવશ્યક સૂત્રની ટીકા વાંચવી જોઈએ. આમ છતાં, આ કઠિન અને સમજવામાં અઘરી લાગવા

લાગી એટલે, શ્રીલાન્કાચાર્ય ખૂબજ પ્રખર જ્ઞાની અને પ્રખંડ વિદ્વાન એમને આગમ ગ્રંથોની ટીકા લખવાનું શરુ કર્યું. માત્ર બે આગમ ગ્રંથો ઉપર ટીકા લખી નિર્વાણ પામ્યા. અગિયારમી સદી આવતા બીજા નવ આગમોની ટીકા ન હોવાની ખોટ મહેસુસ થવા લાગી. ત્યારે અભયદેવસૂરી નાવાંગી ટીકાકાર તરીકે ઓળખાય છે. એમણે નવ અંગ ઉપરની ટીકા લખવાનું કાર્ય સોપવામાં આવે છે. તેમની મોટી ખાસિયત એ હતી કે, તેમને જ્યાં નથી સમજાયું ત્યાં ટીકા કરવાને બદલે, સ્વીકાર કરીને 'નથી સમજાયું' એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

ચૌદમી શતાબ્દીમાં પાયચંદગચ્છના સ્થાપક આચાર્ય પાર્શ્વચંદ્રએ જોયું કે, આગમોને સંસ્કૃત ટીકાઓ દ્વારા પણ સમજવું અઘરું થઇ ગયું છે. એટલે એમણે 'બાલવબોધ' સરળ ગુજરાતી ભાષામાં આગમોના અર્થ કરવાનો પ્રારંભ કર્યો. એ સમયની ગુજરાતી ભાષા અત્યારે સમજવી મુશ્કેલ છે. એટલે એ શબ્દો પણ આજે આપને સમજવા હોય તો ગુજરાતી ભાષાની આજથી ૫૦૦ વર્ષ પહેલાની સ્થિતિ સમજવી પડે. તો જ આપણે એ ભાષા સમજી શકીએ. ત્યારપછી પણ આ પરંપરા લાંબી ચાલી. પણ લગભગ એક સદી પહેલા જોયું કે, આગમ ગ્રંથો જો આજની ભાષામાં અનુવાદિત કરવામાં નહિ આવે તો એ આગમ ગ્રંથોની અંદર જે રાતનો છુપાયા છે તેનો બોધ લોકોને થશે નહીં. એટલે ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ કરવાનો વિચાર બહેચરદાસ દોશીને આવ્યો. એમણે ઘણાં બધા વિકટ પ્રશ્નોનો એમનો કરવો પડ્યો. એ સમયની સમાજ વ્યવસ્થા, જ્ઞાતિબહાર, સંઘબહાર વગેરે જેવી અનેક પરિસ્થિતિનો સામનો કર્યો. ગુજરાત વિદ્યાપીઠમાંથી એમના બે ભાગોનો અનુવાદ પ્રકાશિત થયો. પણ પછી જયારે ગુજરાત છોડવું પડ્યું એટલે બાકીના બે ભાગોનું કાર્ય તેમના પિતરાઈ ભાઈ ભરતચંદ ભગવાનભાઈ દોશીએ પૂર્ણ કર્યું. પછીથી ગાંધીજીએ ગોપાલદાસ જીવાભાઈ પટેલને આ કામ સોપવામાં આવ્યું. તેમણે કેટલાંક આગમોનો સંક્ષિપ્ત અનુવાદ કર્યો. આમ, આ તો ફક્ત આગમોની એક લાંબી કથાનો અંશ માત્ર રજૂ થયો છે.

******************